એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૦૧, ૨૦૧૭–૧૮**

**અરજદાર : શ્રી પરમાર કમલા દિનેશભાઈ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ફરીયાદની હકીકત :–

વિષયઃ– આઈ.ડી.નં.૨૬૭૮(નાગરિક સુવિધા કેન્દ્ર) તા.૦૭/૦૩/૨૦૧૭ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૩૦૬૩૭) થી માંગવામાં આવેલ માહિતી કોઈઅગંત માહિતી નથી હુ કોઈ ત્રાહિત વ્યકિત નથી. હુ પોતે ફરીયાદી છે. કર્મચારી છું હોવાનું જણાવી તા.૨૪/૦૪/૧૭ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

## અપીલના મુદા :–

અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતી કર્મચારી/અધિકારીની અંગત માહિતી નથી. પરંતુ મારી જાતિય સતામણીમાં આંતરીક ફરીયાદ સમિતિની તપાસમાં ગુન્હો સાબિત થયેલ છે. તેમજ મારી પોતાની ફરીયાદ સંબંધીત છે. જે કોઈ "અંગત" માહિતી નથી. જેથી મને મળવા નમ્ર વિનંતી. મારી અરજી આઈ.ડી.નં.૨૬૭૮ તા.૭/૩/૨૦૧૭ થી માંગવામાં આવેલ માહિતી કોઈની વ્યકિતગત કે અંગત માહિત નથી. સુરત મહાનગરપાલિકા ધ્વારા રચાયેલી સ્કુટીની કમિટિના નિતી નિયમ એ કોઈ અંગત માહિતી નથી. હુ કોઈ ત્રાહિત વ્યકિત નથી. હુ પોતે ફરીયાદી છું કર્મચારી છું તેથી મે માંગેલ માહિતી આપવા હુકમ કરવા અપીલ કરેલ છે. અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–

અરજદાર શ્રી **પરમાર કમલા દિનેશભાઈ** ની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૨૬૭૮(નાગરિક સુવિધા કેન્દ્ર) તા.૦૭/૦૩/૨૦૧૭ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૩૦૬૩૭) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિદ્યા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૬૭૮, તા.૦૮/૦૩/૧૭ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ છે. અરજદારે તેમની અરજીથી માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ ઈન્કવાયરીને લાગત જણાતા નીચે મુજબના મુદ્દાઓ સંદર્ભે તેની સાથે દર્શાવેલ મુજબની માહિતી/પુર્તતા નંબર જીએડી/ઈએસટી/આઈ/૧૦, તા.૩/૪/૧૭ થી પુરી પાડવામાં આવેલ છે.

| મુદ્દા નં. | વિગત | પૂર્તતા |
|---|---|---|
| ૧ | ડે.મ્યુનિ.કમિશ્નરશ્રીના હુકમ નં.જીએડી/ઈએસટી/૭૦૨૬, તા.૨૮/૦૨/૧૭ ના કચેરી હુકમનું " વંચાણે લીધું : નં.(૧) તથા નં.(૨) ની ખરી નકલ. (નં.જીએડી/ ઈએસટી/આઈ/૧૦૪૫, તા.૨૭/૦૨/૧૭ ની નકલ.) | નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જજમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(૬) ની જોગવાઈ મુજબની તમારી માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો. |
| ૫ | રાકેશ બળવંતલાલ રાણા (કર્મચારી નં.૩૭૦૭૪) આસી.ઈજ.(કોમ્પ્યુટર) ને પુનઃ સ્થાપિત કરવાનો કચેરી હુકમ અન્વયે માન.મ્યુ.કમિશ્નરશ્રીની મંજુરી મળેલ હોય તો તેના પેપર્સની ખરી નકલો આપવા વિનંતી. | |
| ૬ | કર્મ.રાકેશ બળવંતલાલ રાણા ક.નં.૩૭૦૭૪ ને ફરજ ઉપર પુનઃસ્થાપિત કરવા માટે રચાયેલ સ્કુટીની કમિટીની રચના– બંધારણની ખરી નકલો તથા સ્કુટીની કમિટીના સભ્યોની મળેલ સત્તા તથા હોદ્દેદારોની વિગતોની નકલ આપવા વિનંતી. | |
| ૭ | સ્કુટીની કમિટીમાં રાકેશ રાણા ક.નં.૩૭૦૭૪ ને પુનઃસ્થાપિત કરવા માટે જે કઈ નોટીંગ હુકમ થયેલ હોય તેની ખરી નકલો આપવા વિનંતી. | |
| ૮ | સ્કુટીની કમિટીમાં રાકેશ રાણા ક.નં.૩૭૦૭૪ ને પુનઃસ્થાપિત કરવા સ્કુટીની કમિટીમાં માન.મ્યુ. કમિશ્નર સાહેબશ્રીની પૂર્વ મંજુરી મેળવેલ છે કે કેમ ? તેની ખરી નકલ આપવા વિનંતી. | |
| ૯ | કરારીય ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી (ફા.) ને સ્કુટી કમિટિમાં હાજર રહેવા અંગે તેઓશ્રીને આપેલ સત્તાની માહિતી તથા નકલ આપવા વિનંતી | |
| ૧૦ | કયા કાયદાની જોગવાઈ હેઠળ સ્કુટીની કમિટીએ કર્મ.રાકેશ રાણાને પુનઃસ્થાપિત કરેલ છે. તે અંગેના ઠરાવ–પરિપત્રની ખરી નકલ આપવા નમ્ર વિનંતી. | |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતો જોતા ઉપર મુજબની અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતામાં જણાવ્યા મુજબના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા કર્મચારીઓને પુનઃસ્થાપિત કરવા માટે રચાયેલ સ્કુટીની કમિટીની રચનાની ખરી નકલો, સ્કુટીની કમિટીના સભ્યોની મળેલ સત્તા તથા હોદ્દેદારોની વિગતોની નકલ, પુનઃસ્થાપિત કરવા માટે જે નોટીંગ હુકમ,સ્કુટીની કમિટીની રચના– બંધારણની ખરી નકલો તથા ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" તરીકે ગણાતી હોય, જેને માહિતી અધિનિયમની કલમ–૮(૧)(૬) ની જોગવાઈ જોતા જાહેર ગતિવિધિ કે જાહેર હિત સાથે સંબંધ હોવાનું જણાતુ ન હોવાથી, તેવી માહિતી જાહેર કરવી યોગ્ય ન જણાતા, તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ નથી. વળી, હાલમાં ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રીએ પણ રાજય માહિતી આયોગમાં દાખલ થયેલ બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૦૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ અધિકારી/કર્મચારી સામેની ફરિયાદને લગતી માહિતી અંગત પ્રકારની માહિત હોય " As a Matter of Right " માંગી શકાય નહી. જે આપવાપાત્ર નથી તેવો હુકમ કરેલ છે. આમ અરજદારને અત્રેના વિભાગને લાગત માહિતી બાબતે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાય છે આથી મળેલ અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવા યોગ્ય જણાતુ નથી. અરજી દફતરે કરવા જોગ છે.

## –: હુકમ :–

અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૧૫૧
તા. ૧૮ /૦૫/૨૦૧૭

**પ્રતિ,**

(૧) શ્રી પરમાર કમલા દિનેશભાઈ ,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૦૨, ૨૦૧૭–૧૮**

**અરજદાર : શ્રી હિંમતલાલ બી.લીબાસીયા**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

વિષયઃ– આઈ.ડી.નં. ૬૨ (વેસ્ટઝોન) તા.૨૧/૦૪/૨૦૧૭ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૫૮૬૨) થી માંગવામાં આવેલ માહિતી અરજીની મુદતમાં પુરી પાડેલ નથી તેવું કારણ જણાવી તા.૨૫/૦૪/૨૦૧૭ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૬૨, તા.૨૧/૦૪/૨૦૧૭ થી માંગેલ માહિતી અરજીના ૩૦ દિવસથી વધુ સમય થયેલ છે તેમ છતાં માહિતી મળેલ નથી તેવું કારણ જણાવી તા.૨૫/૦૪/૧૭ના રોજ હાલની અપીલ કરેલ છે. જે અપીલ અત્રે તા.૬/૦૫/૧૭ ના રોજ મળેલ છે. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૨/૨૦૧૭–૧૮ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદાર શ્રી **હિંમતલાલ બી.લીબાસીયા** ની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૬૨, વેસ્ટઝોન તા.૨૧/૦૪/૨૦૧૭ માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર(વેસ્ટઝોન)નં વેસ્ટઝોન /આર.ટીઆઈ.સેલ./૯૯ તા.૨૪/૦૪/૧૭ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ છે. અરજદારે તેમની અરજીથી માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ ઈન્કવાયરીને લાગત જણાતા નીચે મુજબના મુદ્દાઓ સંદર્ભે તેની સાથે દર્શાવેલ મુજબની માહિતી/પુર્તતા નંબર જીએડી/ઈએસટી/આઈ/૭૨, તા.૨૫/૪/૧૭ થી માહિતી રૂા.૨૦ ભરી (અંકે રૂપીયા વીસ પુરા) ભરી લઈ જવા જણાવેલ.જે તેમના વતી પરીમલ એન.બારોટ,તા.૧૧/૫/૨૦૧૭થી રૂા.૨૦/– ભરી ગયેલ છે. અને તે અંગેની નકલો પણ લઈ ગયેલ છે.

| માંગેલી માહિતી | પૂર્તતા |
|---|---|
| મને (એચ.બી.લીંબાસીયા) કર્મચારી નં.૧૧૮૫૩ ડેપ્યુટી ઈજનેર ને નં.જીએડી/ઈએસટી/આઈ/૫૫ તા.૨૦/૪/૨૦૧૭નાં રોજ બંધ કવર જે પ્રશ્ચિમઝોન ઈનવર્ડ નં.૯૯૨, તા.૨૦/૪/૨૦૧૭થી મળેલ છે. જે કવરમાં મે.કમિશ્નરશ્રી ધ્વારા મને કારણદર્શક નોટીસ નં.જીએડી/ઈએસટી/આઈ/૫૫, તા.૨૦/૦૪/૨૦૧૭ આપવામાં આવેલ છે. જે કારણ દર્શક નોટીસ મને આપવા માટેના રીપોટીંગ નોંધ વિભાગની નકલ તથા તેને સંલગ્ન સંપુર્ણ ડોકયુમેન્ટની નકલ આપવા વિનંતી. | તમોએ ઉપરોકત અરજીથી માંગેલ માહિતી અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતીના પાના નંગ–૧૦ તમોને આપવા જોગ છે. જે પાનાના રૂા.૨/– લેખે કુલ રૂા.૨૦/– (અંકે રૂપિયા વીસ પુરા) મહાનગરપાલિકાના સીવીક સેન્ટરમાં જમા કરાવી તે રકમ જમા કરાવ્યા બદલની રસીદની નકલ રજુ કર્યેથી તમોને અત્રેથી આપવાજોગ માહિતી પુરી પાડવામાં આવશે. તમો તેવી નકલ ફી ના નાણાં જમા કરાવી રસીદ રજૂ કરવામાં કસુર કરશો તો તમોને માહિતી મેળવવામાં રસ નથી તેમ માની તમારી અરજી મુદત વિત્યે દફતરે કરવામાં આવશે. જેની નોંધ લેશો. |

અરજદાર શ્રી હિંમતલાલ બી. લીંબાસીયાની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૬૨(વેસ્ટ ઝોન) તા.૨૧/૦૪/૨૦૧૭ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૫૮૬૨) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસર, વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ/સેલ/૯૯, તા.૨૪/૦૪/૧૭ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદારે તેમની અરજીમાં તેઓએ ઉપરોકત અરજીથી માંગેલ માહિતી અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતીના પાના નંગ–૧૦ તેઓને આપવા જોગ હોય, જે પાનાના રૂા.૨/– લેખે કુલ રૂા.૨૦/– અંકે રૂપિયા વીસ પુરા મહાનગરપાલિકાના સીવીક સેન્ટરમાં જમા કરાવવા અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/ ૭૨, તા.૨૫/૦૪/૧૭ થી જાણ કરવામાં આવેલ. અને તેમના વતી પરિમલ એન.બારોટ સહી કરી તા.૧૧/૫/૧૭ ના રોજ પાના નં.૧૦ (દસ) લઈ ગયા હતા. આમ, અરજદારને પત્ર મળી ગયેલ અરજદારે તેમાં જણાવ્યા મુજબની નકલ ફી ના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. અને જાણે તેઓને નમુના–ક ની અરજીના ૪૮ કલાકમાં માહિતી માંગેલ ૩૦ દિવસથી વધુ સમય થયો હોવા છતાં માહિતી પુરી પડાયેલ નથી તેવું ખોટું કારણ જણાવી હાલની અપીલ કરેલ છે.

અરજદારે નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૈકી આપવાજોગ માહિતીની નકલોની નકલ ફીના નાણાં ભરપાઈ કરવા અંગેની જાણ કરતો પત્ર સમયમર્યાદામાં પોસ્ટ મારફત મોકલવામાં આવેલ છે અને તેઓ તા.૧૧/૫/૧૭માં રોજ પાનાં નંગ–૧૦ રૂા.૨૦/– ભરી પરીમલ એન.બારોટ મારફત માહિતી મેળવેલ હોય, અરજદારને અપીલના જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી.

***સુનાવણીની વિગતોઃ–***

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણો, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

–: હુકમ :–

અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૧૬૪
તા. ૨૩ /૦૫/૨૦૧૭

**પ્રતિ,**

(૧) શ્રી હિંમતલાલ બી. લીંબાસીયા, રહેવાસી :
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૦૩, ૨૦૧૭–૧૮**

**અરજદાર : શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

વિષયઃ– શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૧૦૨( વી.આઈ.ઓ.) તા.૧૩/૦૪/૨૦૧૭ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૫૦૦/૭૮૭૭/૧/૧૦૦૨૭૩૨૫) થી માંગવામાં આવેલ માહિતી અન્વયે જા.મા.અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૧૮, તા.૮/૦૫/૨૦૧૭ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૨૪/૦૫/૨૦૧૭ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતી સ્પષ્ટ, પુરેપુરી, સાચી અને નિયત સમય મર્યાદામાં આપવા માટે અથવા માહિતી આપવાનો ઈન્કાર કરવા અંગે માંગ્યા મુજબની માહિતીઓ આપી નથી કે માહિતી ન આપવા સબબ અધિનિયમની જોગવાઈ મુજબ કોઈ વાજબી કારણ દર્શાવતી વિગત પણ અમોને જણાવવામાં આવેલ નથી. કે આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ અન્વયે ધોરણસર રીતે કોઈ કાર્યવાહી પણ જવાબદાર અને સંબંધીત જાહેર માહિતી અધિકારી ધ્વારા કરવામાં આવેલ નથી. આમ, તેઓએ ઈરાદાપુર્વક સેવામાં ખામી અને બેદરકારી દાખવી, માહિતી મેળવવાનાં અધિકારમાં અવરોધ પેદા કર્યો છે. તેમ જણાવી કાયદાનું પુરતુ અને જરૂરી જ્ઞાન હોય એમ જણાય આવતુ નથી. તે જણાવી અરજદારે માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેનો (૧) આપની અપીલ પેરા–૩માં જણાવેલ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના જજમેન્ટની નકલ કે જેમાં સ્પષ્ટ વિવરણ કરવામાં આવેલ છે. ઉપરાંત અધિનિયમ કલમ ૮(૧)(ઠ)માં જણાવવામાં આવેલ છે.તેની નકલ, (૨) રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા વિરુધ્ધ પી.પી.કપુર અન્વયે સબબનું જજમેન્ટ (NO.93 OF 2015)ની CIC નો હુકમની નકલ.(૩)પેરા–૯માં જણાવેલ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટનાં CIVIL WRIT PITIION NO.17718 OF 2014 (O&M) ની નકલ.(૪)પેરા–૧૧ એસ.આર.વેંકટરામન વિરુધ્ધ સબ રજિસ્ટ્રર ચેન્નાઈના કેસ નં.40793/F/2016 ની નકલ.(૫)અન્ય વિગતોના પેરા–૮(૧)માં જણાવ્યા અનુસાર નામદાર સુપ્રિમ કોર્ટનું શ્રી રામ જેઠમલાણી વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાનું જજમેન્ટ (2011(0)GLHEL-SE 50079) ની નકલ(૬) અન્ય વિગતોના પેરા–૮(૧)માં જણાવ્યા અનુસાર શ્રી મનોહર અંચુલે વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના કેસનું નામદાર સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ (2011(0)GLHEL-SE 52442) ની નકલ(૭)અન્ય વિગતોના પેરા–૮(૧) માં જણાવ્યા અનુસાર રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા વિરુધ્ધ શ્રી પી.પી.કપુર નાં કેસનું નામદાર સુપ્રિમ કોટનું જજમેન્ટ (NO.93 OF 2015 ની નકલ (૮)અન્ય વિગતોના પેરા–૮(૧)માં જણાવ્યા અનુસાર શ્રી આદિ શંકરાચાર્ય વિરુધ્ધ ગર્વમેન્ટ ઓફ તાલીમનાડુ અન્વયે જજમેન્ટ (NO.354 OF 2015 ની નકલ વિગેરે અરજીમાં દર્શાવી અરજીમાં માગેલ પુરાવા આપવા રજુઆત કરી માંગેલ માહિતી આપવા અપીલ ધ્વારા રજુઆત કરેલ છે.

***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૧૦૨ ( વી.આઈ.ઓ.) તા.૧૨/૦૪/૨૦૧૭ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૫૦૦/૭૮૭૭/૧/૧૦૦૨૭૩૨૫) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર(ટેક.)ના પત્ર નં.વી.આઈ.ડી./૪૦૧ /, તા.૨૧/૦૪/૧૭ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ છે. અરજદારે તેમની અરજીથી મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની એક શાળાએ યોજેલ ઉના પ્રવાસ દરમ્યિાન થયેલા અકસ્માત અને અન્ય આનુસાંગિક બાબતો સબબ એસ.એમ.સી. ના વિજીલન્સ ડિપાર્ટમેન્ટ ધ્વારા કમિશનરશ્રીને આપવામાં આવેલ અહેવાલના સંપુર્ણ દસ્તાવેજી માહિતી સદર અહેવાલ જ સાધનિક આધાર પુરાવાઓ ધ્યાને લઈને રજુ કરવામાં આવેલ હોય તે સહિતની સંપુર્ણ દસ્તાવેજી માહિતી, મળેવાયેલ/ઉધરાવેયલ ફંડ ફાળાની ફાળવણી સબબ જે અને જે કોઈ ગેરરીતી અને કથિત ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ હોય અને તેને આનુસાંગિક સક્ષમ અધિકારી ધ્વારા કાનુની પગલાં ભરવામાં આવ્યા હોય તો તે અન્વયેની સંપુર્ણ માહિતી તથા ઉના પ્રવાસ સબબ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યો ધ્વારા જે કોઈ પત્રો, ફરીયાદો કે અરજીઓ શિક્ષણ સમિતિમાં અને કમિશ્નર કચેરીમાં રજુ કરવામાં આવેલ છે. તેવા તમામ દસ્તાવેજોની સંપુર્ણ માહિતીની માંગણી કરેલ છે. જે અન્વયે તેઓને કરવા જોગ પૂર્તતા નીચે મુજબ છે.

| મુદ્દા નં. | વિગત | પૂર્તતા |
|---|---|---|
| ૧. | સુરત શહેર મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની એક શાળાએ યોજેલ ઉના પ્રવાસ દરમ્યિાન થયેલા અકસ્માત અને અન્ય આનુસાંગિક બાબતો સબબ એસ.એમ.સી. ના વિજીલન્સ ડિપાર્ટમેન્ટ ધ્વારા કમિશનરશ્રીને આપવામાં આવેલ અહેવાલના સંપુર્ણ દસ્તાવેજી માહિતી સદર અહેવાલ જ સાધનિક આધાર પુરાવાઓ ધ્યાને લઈને રજુ કરવામાં આવેલ હોય તે સહિતની સંપુર્ણ દસ્તાવેજી માહિતી. | નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરુધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબની તમારી માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો. |
| ૩. | ઉપરોકત મુદ્દા નં–૨ અન્વયે મળેવાયેલ/ઉધરાવેયલ ફંડ ફાળાની ફાળવણી સબબ જે અને જે કોઈ ગેરરીતી અને કથિત ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ હોય અને તેને આનુસાંગિક સક્ષમ અધિકારી ધ્વારા કાનુની પગલાં ભરવામાં આવ્યા હોય તો તે અન્વયેની સંપુર્ણ માહિતી. | |
| ૪. | સદરહુ ઉના પ્રવાસ સબબ નગર પ્રાથમિક શિક્ષણ સમિતીના સભ્યો ધ્વારા જે કોઈ પત્રો, ફરીયાદો કે અરજીઓ શિક્ષણ સમિતિમાં અને કમિશ્નર કચેરીમાં રજુ કરવામાં આવેલ છે. તેવા તમામ દસ્તાવેજોની સંપુર્ણ માહિતી. | |

વધુમાં તેઓએ સદર જજમેન્ટના પુરાવા રજુ કરેલ ન હોવાથી અરજદારની રજુઆત ગ્રાહય રાખવા જોગ નથી.અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૧૦૨ તા.૧૨/૦૪/૨૦૧૭ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૫૦૦/૭૮૭૭/૧/૧૦૦૨૭૩૨૫) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને જુ.ટેક.(વીજીલન્સ એન્ડ ઈન્સ્પે.ડિપાર્ટમેન્ટના પત્ર નં.વી.આઈ.ડી.૪૦૧, તા.૨૧/૪/૨૦૧૭ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. જેમાં અરજદારે તેમની અરજીમાં તેઓએ ઉપરોકત અરજીથી માંગેલ માહિતી અન્વયે અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા ઉપર મુજબની માંગેલ માહિતી સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" તરીકે ગણાતી હોય, તેવી માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ જોતા જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોવાથી, તેવી માહિતી જાહેર કરવી યોગ્ય ન જણાતા, તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ નથી. વળી, હાલમાં ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રીએ પણ રાજય માહિતી આયોગમાં દાખલ થયેલ બીજી અપીલ

નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૦૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ અધિકારી/કર્મચારી સામેની ફરિયાદને લગતી માહિતી અંગત પ્રકારની માહિત હોય " As a Matter of Right" માંગી શકાય નહી. જે આપવાપાત્ર નથી તેવો હુકમ કરેલ છે. જે સંજોગોમાં અત્રેથી અરજદારને આપવામાં આવેલ જવાબ યોગ્ય છે. જેથી અરજદારને અત્રેના જવાબ સામે હાલની આ પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી અને અરજદારની હાલની પ્રથમ અપીલ રદ થવાને પાત્ર છે.

**સુનાવણીની વિગતો :–**

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતાં પ્રથમ દર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

**અપીલ અધિકારીનું તારણ :–**

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદારે તેમની અરજીમાં મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની એક શાળાએ યોજેલ ઉના પ્રવાસ દરમ્યિાન થયેલા અકસ્માત અને અન્ય આનુસાંગિક બાબતો સબબ એસ.એમ.સી. ના વિજીલન્સ ડિપાર્ટમેન્ટ ધ્વારા કમિશનરશ્રીને આપવામાં આવેલ અહેવાલના સંપુર્ણ દસ્તાવેજી માહિતી સદર અહેવાલ જ સાધનિક આધાર પુરાવાઓ ધ્યાને લઈને રજુ કરવામાં આવેલ હોય તે સહિતની સંપુર્ણ દસ્તાવેજી માહિતી, મળેવાયેલ/ઉઘરાવેયલ ફંડ ફાળાની ફાળવણી સબબ જે અને જે કોઈ ગેરરીતી અને કથિત ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ હોય અને તેને આનુસાંગિક સક્ષમ અધિકારી ધ્વારા કાનુની પગલાં ભરવામાં આવ્યા હોય તો તે અન્વયેની સંપુર્ણ માહિતી તથા ઉના પ્રવાસ સબબ નગર પ્રાથમિક શિક્ષણ સમિતીના સભ્યો ધ્વારા જે કોઈ પત્રો, ફરીયાદો કે અરજીઓ શિક્ષણ સમિતિમાં અને કમિશ્નર કચેરીમાં રજુ કરવામાં આવેલ છે. તેવા તમામ દસ્તાવેજોની સંપુર્ણ માહિતીની માંગણી કરેલ છે.અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધની ખાતાકીય તપાસ/શિક્ષાત્મક કાર્યવાહીની માહિતીની માંગણી કરેલ છે. જે અરજદારની માંગણી અન્વયે ઈન્કવાયરી વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૧૮, તા.૦૮/૦૫/૧૭ થી જવાબ પાઠવી અરજદારે માંગણી કરેલ માહિતી "અંગત માહિતી" ગણાતી હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(૭) ની જોગવાઈ મુજબ જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું ઠરાવી તેમજ તેવી માહિતી જાહેર કરવી યોગ્ય જણાતુ ન હોવાનું ઠરાવી તેવી માહિતી અરજદારને આપવા ઈન્કાર કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજના જડ્જમેન્ટનો આધાર લીધેલ છે. સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા, તેમાં કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" ગણાવી, તેવી માહિતી આપી શકાય નહી તેવો તેમજ, માહિતી અધિકાર અન્વયે " As matter of right " માંગી શકાય નહી તેવું ઠરાવેલ છે.

વળી, જાહેર માહિતી અધિકારીએ તેમના પૂર્તતા અહેવાલમાં ઉલ્લેખ્યા મુજબ ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ તે કામના અરજદારે મેમો, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ અંગે માંગેલ માહિતી કર્મચારીની અંગત પ્રકારની માહિતી હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર ન હોવાનો હુકમ કરેલ છે. આમ, દેશની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોએ તેમજ રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રીએ પણ કોઈપણ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ, તેઓને આપેલ મેમો, ચાર્જશીટ, શોકોઝ, શિક્ષાત્મક કાર્યવાહીની વિગત "અંગત માહિતી" તરીકે ઠેરવેલ હોય, જાહેર માહિતી અધિકારીનો જવાબ યોગ્ય જણાય છે.

અરજદારે કરેલ અપીલના મુદ્દા અન્વયે વિવિધ કોર્ટના ચુકાદાઓનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ અપીલ અરજી સાથે તેવા ચુકાદાઓ ની નકલ રજુ કરેલ નથી, જેનાથી આ ચુકાદાઓમાં મુખ્યત્વે કયા મુદ્દાઓ અંગે ટિપ્પણી કરી છે તે પ્રકાશિત થતુ નથી.

આથી ચુકાદાઓની નકલો મંગાવવા અરજદારને પુર્તતા કરવા તા.૧૫/૦૬/૧૭ના રોજ પત્ર લખી અત્રેના ખાતાના પટાવાળા મારફત રૂબરૂ આપવા જતાં અરજદાર પોતે ઘરે ન હોય ઘરના અન્ય ઈસ્મોએ પત્ર સ્વીકારવાની ના પાડેલ, જેની પૂર્તતા/ચુકાદાઓ મેળળવા અંગેનો પત્ર અરજદારને સ્પીડ પોસ્ટથી મોકલવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે કોઈ પૂર્તતા કરેલ નથી. આથી અપીલનો નિકાલ કરી હુકમ કરવામાં આવેલ છે.

અરજદારની રજુઆત મુજબ વિવિધ કોર્ટના ચુકાદાઓ જે તે Facts((મુદાઓ) ઉપર આધારીત હોય છે. જયારે માહિતી મેળવવાનો અધિનિયમ–૨૦૦૫ ફકત ઉપલબ્ધ માહિતી આપવા માટેના છે. વધુમાં માહિતી પુરી પાડતા સમયે માહિતી મેળવનાર જો તે (માહિતી સાથે સંલગ્ન) હોય તે આપવા હરકત સરખુ નથી. જયારે ત્રાહિત પક્ષનાર માહિતી માગે તો કાયદાથી મર્યાદિત કરવામાં આવેલ છે.જેથી સુપ્રિમકોર્ટના ચુકાદાના આધારે ગુજરાત માહિતી આયોગે કરેલ હુકમ યોગ્ય જણાય છે અને તે મુજબ જાહેર માહિતી અધિકારીએ અરજદારને જવાબ પાઠવેલ હોય અપીલનો નિકાલ કરવો ઉચીત રહેશે.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાતું હોય, અરજદારને હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી, તેથી અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૨૯૧
તા. ૨૧ /૦૬/૨૦૧૭

**પ્રતિ,**

(૧) શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

**એમ.ડી.સોલંકી**
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

**સુરત મહાનગરપાલિકા,**
**મહાનગર સેવા સદન,**
**મુગલીસરા, સુરત–૦૩**
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૦૪, ૨૦૧૭–૧૮**

**અરજદાર : શ્રી અનીલ આર. શુકલા**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ***ફરીયાદની હકીકત :–***

વિષયઃ– શ્રી અનીલ આર. શુકલાની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૧૩૬ (મુળ આઈ.ડી.નં.૨૫૦ તા.૧૦/૦૫/૨૦૧૭ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૩૧૨૦૯) થી માંગવામાં આવેલ માહિતી અન્વયેજા.મા.અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(ઈન્કવાયરી)ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૧૯, તા.૨૯/૦૫/૨૦૧૭ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૦૬/૦૬/૨૦૧૭ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતી સ્પષ્ટ અને સંપુર્ણ આપવા હુકમ કરવા રજુઆત કરી માંગેલ માહિતી આપવા અપીલ ધ્વારા રજુઆત કરેલ છે.

## ***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદાર શ્રી અનીલ આર. શુકલાની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૧૩૬ (મુળ આઈ.ડી.નં.૨૫૦ તા.૧૦/૦૫/૨૦૧૭ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૩૧૨૦૯) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(આર)નાં પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૭૪/, તા.૧૯/૦૫/૧૭ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ છે. અરજદારે તેમની અરજીથી માંગેલ માહિતી પૈકી સુરત મનપાના નોર્થ કતારગામ ઝોનમાં ફરજ બજાવતાં જુ.ઈજનેર આર.જે ટેલર વિરૂધ્ધ આજદિન સુધીની ફરજ દરમ્યાન એમને કોઈ શોકોઝ નોટીસ અથવા તો એમના વિરુધ્ધ કોઈ ખાતાકીય તપાસ શરૂ હોય તો તેમની સંપૂર્ણ વિગતની માહિતીની માંગણી કરેલ છે. જે અન્વયે ઈન્કવાયરીને લાગત જણાતા નીચે મુજબના મુદ્દાઓ સંદર્ભે તેની સામે દર્શાવેલ મુજબની માહિતી/પુર્તતા નંબર જીએડી/ઈએસટી/આઈ/૨૧૯, તા.૨૯/૫/૧૭ થી પુરી પાડવામાં આવેલ છે.

| અરજીનાં મુદ્દા નં. | વિગત | પૂર્તતા |
|---|---|---|
| નં.૩ | સુરત મનપાના નોર્થ કતારગામ ઝોનમાં ફરજ બજાવતાં જુ.ઈજનેર આર.જે ટેલર વિરૂધ્ધ આજદિન સુધીની ફરજ દરમ્યાન એમને કોઈ શોકોઝ નોટીસ અથવા તો એમના વિરુધ્ધ કોઈ ખાતાકીય તપાસ શરૂ હોય તો તેમની સંપૂર્ણ વિગત આપશો. | નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબની તમારી માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો. |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતો જોતા તેઓએ સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધની શોકોઝ નોટીસ તેમના વિરુધ્ધ ખાતાકીય તપાસ શરૂ હોય તેની માહિતીની માંગણી કરેલ. પરંતુ ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" તરીકે ગણાતી હોય, તેવી માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ જોતા જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોવાથી, તેવી માહિતી જાહેર કરવી યોગ્ય ન જણાતા, તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ નથી. વળી, હાલમાં ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રી બલવંતસિંઘ સાહેબે પણ તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ તે કામના અરજદારે મેમો, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ અંગે માંગેલ માહિતી કર્મચારીની અંગત પ્રકારની માહિતી હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર ન હોવાનો હુકમ કરેલ છે.

**સુનાવણીની વિગતો :–**

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતાં પ્રથમ દર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

**અપીલ અધિકારીનું તારણ :–**

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદારે તેમની અરજીમાં સુરત મનપાના નોર્થ કતારગામ ઝોનમાં ફરજ બજાવતાં જુ.ઈજનેર આર.જે ટેલર વિરૂધ્ધ આજદિન સુધીની ફરજ દરમ્યાન એમને કોઈ શોકોઝ નોટીસ અથવા તો એમના વિરુધ્ધ કોઈ ખાતાકીય તપાસ શરૂ હોય તો તેમની સંપૂર્ણ વિગતની માહિતીની માંગણી કરેલ છે. જે અરજદારની માંગણી અન્વયે ઈન્કવાયરી વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૧૯, તા.૨૯/૦૫/૧૭ થી જવાબ પાઠવી અરજદારે માંગણી કરેલ માહિતી "અંગત માહિતી" ગણાતી હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું ઠરાવી તેમજ તેવી માહિતી જાહેર કરવી યોગ્ય જણાતુ ન હોવાનું ઠરાવી તેવી માહિતી અરજદારને આપવા ઈન્કાર કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજના જડ્જમેન્ટનો આધાર લીધેલ છે. સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા, તેમાં કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" ગણાવી, તેવી માહિતી આપી શકાય નહી તેવો તેમજ, માહિતી અધિકાર અન્વયે " As matter of right " માંગી શકાય નહી તેવું ઠરાવેલ છે.

વળી, જાહેર માહિતી અધિકારીએ તેમના પૂર્તતા અહેવાલમાં ઉલ્લેખ્યા મુજબ ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ તે કામના અરજદારે મેમો, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ અંગે માંગેલ માહિતી કર્મચારીની અંગત પ્રકારની માહિતી હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર ન હોવાનો હુકમ કરેલ છે. આમ, દેશની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોએ તેમજ

રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રીએ પણ કોઈપણ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ, તેઓને આપેલ મેમો, ચાર્જશીટ, શોકોઝ, શિક્ષાત્મક કાર્યવાહીની વિગત "અંગત માહિતી" તરીકે ઠેરવેલ હોય, જાહેર માહિતી અધિકારીનો જવાબ યોગ્ય જણાય છે.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાતું હોય, અરજદારને હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી, તેથી અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૨૮૧
તા. ૨૦/૦૬/૨૦૧૭

**પ્રતિ,**

(૧) શ્રી અનીલ આર.શુકલા,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૦૫, ૨૦૧૭–૧૮**

| | | |
|---|---|---|
| **અરજદાર** | : | **શ્રી પટેલ કપિલા પલ્કેશકુમાર** |
| **સામાવાળા** | : | **સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.** |

***ફરીયાદની હકીકત :–***

**વિષય :–** શ્રી પટેલ કપિલા પલ્કેશકુમાર આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૪૭૭, તા.૦૫/૦૬/૨૦૧૭ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે જા.મા.અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (ઈન્કવાયરી)ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૭૬, તા.૧૯/૦૬/૨૦૧૭ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૧૯/૦૭/૨૦૧૭ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતી આજ દિન સુધી મારા ધ્વારા કરાયેલ આર.ટી.આઈ. નો લેખિત જવાબ આપેલ ન હોય તાકીદે આપવા બાબત.

***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદાર શ્રી પટેલ કપિલા પલ્કેશકુમાર ની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૪૭૭, તા.૦૫/૦૬/૨૦૧૭ થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી ઈ.ચા.પર્સોનેલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (નાગરિક સુવિધા કેન્દ્ર)નાં પત્ર નં.સીસીસી.સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૪૭૭, તા.૦૬/૦૬/૧૭ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ છે. અરજદારે તેમની અરજીથી માંગેલ માહિતી પૈકી શ્રી બંકિમભાઈ ઈશ્વરલાલ દેસાઈની સર્વિસ દરમ્યાન તેઓને શોકોઝ નોટીસ કે સસ્પેન્સન કે કોઈ ગેરીરીતી બાબતે નોટીસ આપવામાં આવી હોય કે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તે અંગેના માહિતીના હુકમોના કાગળની ઝેરોક્ષ નકલ સહિતની માહિતી આપવી.જે અન્વયે ઈન્કવાયરીને લાગત જણાતા નીચે મુજબના મુદ્દાઓ સંદર્ભે તેની સામે દર્શાવેલ મુજબની માહિતી/પુર્તતા નંબર જીએડી/ઈએસટી/આઈ/૨૭૬, તા.૧૯/૬/૧૭ થી પુરી પાડવામાં આવેલ છે.

| અરજીનાં મુદ્દા નં. | વિગત | પૂર્તતા |
|---|---|---|
| નં.૪ | શ્રી બંકિમભાઈ ઈશ્વરલાલ દેસાઈની સર્વિસ દરમ્યાન તેઓને શોકોઝ નોટીસ કે સસ્પેન્સન કે કોઈ ગેરીરીતી બાબતે નોટીસ આપવામાં આવી હોય કે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તે અંગેના માહિતીના હુકમોના કાગળની ઝેરોક્ષ નકલ સહિતની માહિતી આપવી. | નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબની તમારી માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો. |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતો જોતા તેઓએ સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધની શોકોઝ નોટીસ તેમના વિરૂધ્ધ ખાતાકીય તપાસ શરૂ હોય તેની માહિતીની માંગણી કરેલ. પરંતુ ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" તરીકે ગણાતી હોય, તેવી માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ જોતા જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોવાથી, તેવી માહિતી જાહેર કરવી યોગ્ય ન જણાતા, તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ નથી. વળી, હાલમાં ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રી બલવંતસિંઘ સાહેબે પણ તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ તે કામના અરજદારે મેમો, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ અંગે માંગેલ માહિતી કર્મચારીની અંગત પ્રકારની માહિતી હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર ન હોવાનો હુકમ કરેલ છે.

**સુનાવણીની વિગતો :–**

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતાં પ્રથમ દર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

**અપીલ અધિકારીનું તારણ :–**

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદારે તેમની અરજીમાં સુરત શ્રી બંકિમભાઈ ઈશ્વરલાલ દેસાઈની સર્વિસ દરમ્યાન તેઓને શોકોઝ નોટીસ કે સસ્પેન્સન કે કોઈ ગેરીરીતી બાબતે નોટીસ આપવામાં આવી હોય કે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તે અંગેના માહિતીના હુકમોના કાગળની ઝેરોક્ષ નકલ સહિતની માહિતી આપવા બાબતે. જે અરજદારની માંગણી અન્વયે ઈન્કવાયરી વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૭૬, તા.૧૯/૦૬/૧૭ થી જવાબ પાઠવી અરજદારે માંગણી કરેલ માહિતી "અંગત માહિતી" ગણાતી હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું ઠરાવી તેમજ તેવી માહિતી જાહેર કરવી યોગ્ય જણાતુ ન હોવાનું ઠરાવી તેવી માહિતી અરજદારને આપવા ઈન્કાર કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજના જડ્જમેન્ટનો આધાર લીધેલ છે. સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા, તેમાં કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" ગણાવી, તેવી માહિતી આપી શકાય નહી તેવો તેમજ, માહિતી અધિકાર અન્વયે " As matter of right " માંગી શકાય નહી તેવું ઠરાવેલ છે.

વળી, જાહેર માહિતી અધિકારીએ તેમના પૂર્તતા અહેવાલમાં ઉલ્લેખ્યા મુજબ ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ તે કામના અરજદારે મેમો, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ અંગે માંગેલ માહિતી કર્મચારીની અંગત પ્રકારની માહિતી હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર ન હોવાનો હુકમ કરેલ છે. આમ, દેશની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોએ તેમજ રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રીએ પણ કોઈપણ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ, તેઓને આપેલ મેમો, ચાર્જશીટ, શોકોઝ, શિક્ષાત્મક કાર્યવાહીની વિગત "અંગત માહિતી" તરીકે ઠેરવેલ હોય, જાહેર માહિતી અધિકારીનો જવાબ યોગ્ય જણાય છે.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાતું હોય, અરજદારને હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી, તેથી અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૪૫૧
તા.૦૩/૦૮/૨૦૧૭

**પ્રતિ,**

(૧) શ્રી પટેલ કપિલા પલ્કેશકુમાર,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૯ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૦૬, ૨૦૧૭–૧૮**

**અરજદાર : શ્રી સંજય આર.પાઠક**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

**વિષય** :–શ્રી સંજય આર.પાઠક આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૨૧૪, તા.૧૫/૦૫/૨૦૧૭ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે જા.મા.અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (ઈન્કવાયરી)ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૨૭, તા.૩૧/૦૫/૨૦૧૭ થી આપવામાં આવેલ, જેનાથી નારાજ થઈ તા.૨/૦૮/૨૦૧૭ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ કરેલ છે.

***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતી ગેરમાર્ગે દોરતું તદ્દન ખોટા જવાબ મળતા.

***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદાર શ્રી સંજય આર.પાઠક ની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૨૧૪, તા.૧૫/૦૫/૨૦૧૭ થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર અધિકારી અને ડે.ઈજનેર(સાઉથઝોન)નાં પત્ર નં.સા.ઝોન/ટેક/૩૨૪, તા.૧૮/૦૫/૧૭ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૧૯/૫/૧૭ના રોજ મળેલ છે. અરજદારે તેમની અરજીથી માંગેલ માહિતી પૈકી તા.૧૯/૧૧/૨૦૧૬ના રોજ ખાતાકીય તપાસ અધિકારીશ્રીને સંબોધીને કરેલ ફરીયાદની ખાતાકીય તપાસ વિભાગના ખાતાકીય તપાસ અધિકારીશ્રીના સહી શેરાવાળી નકલ પ્રમાણિત કરી આપશો. તથા સદર ફરીયાદ અન્વયે ખાતાકીય તપાસ વિભાગ ધ્વારા આજ દિન થયેલ કાર્યવાહીઓના લેખીત કાગળો સાથેની સંપૂર્ણ માહિતી રેકર્ડ પરથી આપશો. તેની સામે દર્શાવેલ મુજબની માહિતી/પુર્તતા નંબર જીએડી/ઈએસટી/આઈ/૨૨૭, તા.૩૧/૫/૧૭ થી પુરી પાડવામાં આવેલ છે.

| અરજીનાં મુદ્દા નં. | વિગત | પૂર્તતા |
|---|---|---|
